# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 02-Nov-2024 સાંજે : 7.50 થી 8.00

વાર : શનિવાર

આકાશવાણી સમાચાર જયેશ પટેલ વાંચે છે.

---

- કેનેડાના ડેપ્યુટી મિનિસ્ટર દ્વારા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સામે કરેલા સંદર્ભોનો ભારતે સખત વિરોધ કર્યો
- વિદેશ મંત્રાલયે જણાવ્યું કે ડેમચોક અને ડેપસાંગમાં ભારત અને ચીન વચ્ચે પરસ્પરની સમજૂતીના આધારે પેટ્રોલિંગ શરૂ કરાયુ
- નવી દિલ્હીમાં પુસ્તક વિમોચન કરતાં વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે કહ્યું છે કે ભારત આજે વૈશ્વિક મિત્ર તરીકે ઉભરી રહ્યું છે
- ઇઝરાયેલ અને ઇરાન વચ્ચે વધતા તણાવને કારણે અમેરિકાએ મધ્ય પૂર્વમાં બોમ્બર તૈનાત કરવાની ચેતવણી આપી
- મુંબઇમાં રમાઇ રહેલી ત્રીજી ક્રિકેટ ટેસ્ટમાં ભારતીય સ્પિનરો જાડેજા અને અશ્વિનની વેધક બોલિંગના કારણે ન્યુઝિલેંડના નવ વિકેટે 171 રન

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## MEA CANADA

કેનેડાના ડેપ્યુટી મિનિસ્ટર ડેવિડ મોરિસન દ્વારા જાહેર સલામતી અને રાષ્ટ્રીય સુરક્ષા પરની સ્થાયી સમિતિ સમક્ષ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સામે કરેલા સંદર્ભોનો ભારતે સખત વિરોધ કર્યો છે.

વિદેશ મંત્રાલયે ગઈ કાલે કેનેડિયન હાઈ કમિશનના પ્રતિનિધિને બોલાવીને ભારતે વિરોધ નોંધાવ્યો હતો. આજે બપોરે નવી દિલ્હીમાં મીડિયાને સંબોધતા મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે 29મી ઓક્ટોબરે ઓટ્ટાવામાં સ્થાયી સમિતિની કાર્યવાહી અંગે રાજદ્વારી નોંધ સોંપવામાં આવી હતી. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે કેનેડાના ઉચ્ચ અધિકારીઓ જાણી જોઈને આંતરરાષ્ટ્રીય મીડિયામાં પાયાવિહોણા સંકેતો લીક કરે છે જે વર્તમાન કેનેડિયન સરકારના રાજકીય એજન્ડાને છતા કરે છે.. તેમણે ચેતવણી આપી હતી કે આવી બેજવાબદારી ભરી કાર્યવાહીના દ્વિપક્ષીય સંબંધો પર ગંભીર પરિણામો આવશે.

કેનેડા દ્વારા ભારતીય અધિકારીઓ પર રાખવામાં આવતી નજર અંગે શ્રી જયસ્વાલે જણાવ્યું હતું કે ભારતના કેટલાક કોન્સ્યુલર અધિકારીઓને તાજેતરમાં કેનેડાની સરકાર દ્વારા જાણ કરવામાં આવી હતી કે તેઓ ઓડિયો અને વિડિયો સર્વેલન્સ હેઠળ છે .પ્રવક્તાએ કહ્યું કે ભારતે ઔપચારિક રીતે કેનેડા સરકારનો વિરોધ કર્યો છે. , તેમણે કહ્યું કે કેનેડા સરકારની આ કાર્યવાહી પરિસ્થિતિને વધુ વિપરીત કરે છે અને તે રાજદ્વારી ધોરણો અને પ્રથાઓ સાથે અસંગત છે.

## MEA CHINA US

વિદેશ મંત્રાલયે આજે જણાવ્યું હતું કે ડેમચોક અને ડેપસાંગમાં ભારત અને ચીન વચ્ચે પરસ્પરની સમજૂતીના આધારે પેટ્રોલિંગ શરૂ કરાયુ છે. નવી દિલ્હીમાં મીડિયાને સંબોધતા મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે **21**મી ઓક્ટોબરે ભારત અને ચીન વચ્ચે નિયંત્રણ રેખા પરથી સૈન્ય હટાવવા પર સમજૂતી થઇ હતી... પ્રવક્તાએ કહ્યું કે વિદેશ મંત્રીઓ અને અન્ય અધિકારીઓના સ્તરે સંવાદ સાધીને ચીન સાથેના દ્વિપક્ષીય સંબંધોને સ્થિર કરવા અને તેને ફરી સામાન્ય બનાવવાના પ્રયાસ થશે.. કઝાનમાં યોજાયેલા બ્રિક્સ સંમેલનમાં તાજેતરની નેતાઓની બેઠકમાં આ સંમતિ સધાઇ હતી..

ભારતીય કંપનીઓ પર યુએસ દ્વારા લદાયેલા પ્રતિબંધો પર, પ્રવક્તાએ કહ્યું હતું કે ભારત પાસે વ્યૂહાત્મક વેપાર અને અપ્રસાર નિયંત્રણો પર મજબૂત કાનૂની અને નિયમનકારી માળખું છે. ભારત ત્રણ મુખ્ય બહુપક્ષીય અપ્રસાર નિકાસ નિયંત્રણ શાસન - વાસેનાર એરેન્જમેન્ટ, ઓસ્ટ્રેલિયા ગ્રુપ અને મિસાઈલ ટેક્નોલોજી કંટ્રોલ રેજીમનું પણ સભ્ય છે. તેમણે કહ્યું કે મંજૂર કરાયેલા વ્યવહારો અને કંપનીઓ ભારતીય કાયદાઓનું ઉલ્લંઘન કરતા નથી.

## EAM-BOOK LAUNCH

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે કહ્યું છે કે ભારત આજે વૈશ્વિક મિત્ર તરીકે સ્થાન પામી રહ્યું છે. નવી દિલ્હીમાં એક પુસ્તક વિમોચન કાર્યક્રમમાં સભાને સંબોધતા, ડૉ. જયશંકરે ભારપૂર્વક જણાવ્યું કે નવી દિલ્હી શક્ય તેટલા વધુ દેશોને મિત્ર બનવા માંગે છે. તેમણે કહ્યું હતું કે ભારતમાં, સાંસ્કૃતિક અને ઐતિહાસિક પરિબળો છે.. ડૉ. જયશંકરે ભાર મૂક્યો કે યુ.એસ., જાપાન અને ઑસ્ટ્રેલિયાને QUAD થી ફાયદો થયો છે.

ડૉ. જયશંકરે ઉલ્લેખ કર્યો કે સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતા જેવી સંવેદનશીલતા હંમેશા ભાગીદારોના મૂલ્યાંકનમાં પરિબળ બની રહેશે. તેમણે સમજાવ્યું કે કેટલાક મિત્રો અન્ય કરતા વધુ જટિલ પણ હોઈ શકે છે અને તેઓ હંમેશા પરસ્પર આદરની સંસ્કૃતિ અથવા રાજદ્વારી શિષ્ટાચારના સિદ્ધાંતોને શેર કરી શકતા નથી. તેમણે કહ્યું કે ભારતે સમયાંતરે પોતાના ઘરેલું મુદ્દાઓ પર ટિકા ટિપ્પણીઓનો સામનો કર્યો છે.

## JAISHANKAR-AUSTRALIA SINGAPORE

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર આવતીકાલથી ઓસ્ટ્રેલિયા અને સિંગાપોરની છ દિવસની મુલાકાતે જશે. તેઓ ઓસ્ટ્રેલિયામાં ભારતના 4થા વાણિજ્ય દૂતાવાસનું ઉદ્ઘાટન કરશે અને કેનબેરામાં તેમના ઓસ્ટ્રેલિયન સમકક્ષ પેની વોંગ

સાથે વિદેશ મંત્રીઓના 15મા ફ્રેમવર્ક સંવાદની સહ અધ્યક્ષતા કરશે. તેઓ ઓસ્ટ્રેલિયન સંસદ ભવનમાં આયોજિત થનારા બીજા રાયસિના ડાઉન અન્ડરના ઉદ્ઘાટન સત્રમાં મુખ્ય વક્તવ્ય આપશે. શ્રી જયશંકર ઓસ્ટ્રેલિયન નેતૃત્વ, સંસદસભ્યો, ભારતીય સમુદાય, વેપારી સમુદાય અને મીડિયા સાથે પણ વાર્તાલાપ કરશે.

મુલાકાતના બીજા તબક્કામાં, ડૉ. જયશંકર 8મીએ સિંગાપોરની સત્તાવાર મુલાકાતે જશે. જે દરમિયાન તેઓ ASEAN – ભારત થિંક ટેન્કસની 8મી ગોળમેજી પરિષદમાં સંબોધન કરશે. તેઓ બંને દેશો વચ્ચેની ગાઢ ભાગીદારીની સમીક્ષા કરીને દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત બનાવવા અંગે ચર્ચા કરશે.

## *MID BREAK- NEWS- NATIONAL*

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી** Youtube **ચેનલ** A.I.R. **ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ** A.I.R. **ન્યૂઝ અન્ડર સ્કોર** ABAD **ને ફોલો કરી શકો છો.**

## JARKHAND AMIT SHAH

ભાજપના વરિષ્ઠનેતા અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે મોડી સાંજે રાંચીની મુલાકાતે જશે. શ્રી શાહ રાજ્ય ભાજપના નેતાઓ સાથે ચૂંટણી તૈયારીઓની સમીક્ષા કરશે. ઝારખંડ વિધાનસભા ચૂંટણી પ્રભારી શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું કે, શ્રી શાહ આવતીકાલે પાર્ટીનું સંકલ્પ પત્ર બહાર પાડશે. કેન્દ્રીય મંત્રી આવતીકાલે ઘાટશિલા, હજારીબાગમાં બરકાથા અને ચતરામાં ત્રણ ચૂંટણી રેલીઓને પણ સંબોધિત કરશે.

## US WARNS IRAN

અમેરિકાએ ઈરાનને મધ્ય પૂર્વમાં બોમ્બર તૈનાત કરવાની ચેતવણી આપી છે..મધ્ય પૂર્વમાં ઈરાન અને ઈઝરાયલ વચ્ચે વધી રહેલા તણાવને કારણે, અમેરિકાએ હવે આ ક્ષેત્રમાં બોમ્બર એરક્રાફ્ટ, યુદ્ધ વિમાન અને નેવલ એરક્રાફ્ટ મોકલવાનો આદેશ આપ્યો છે. આ માહિતી પેન્ટાગોન પ્રેસ સેક્રેટરી મેજર જનરલ પેટ રાઈડરે એક્સ હેન્ડલ પર જારી કરી હતી.

પેન્ટાગોન પ્રેસ સેક્રેટરી રાઈડરે જણાવ્યું હતું કે, અમેરિકાએ બી-52 બોમ્બર, ફાઇટર પ્લેનની એક સ્ક્વોડ્રન, ટેન્કર એરક્રાફ્ટ અને નેવી ડિસ્ટ્રોયર તૈનાત કરવાનો આદેશ આપ્યો છે. આ પ્લેન ટૂંક સમયમાં અહીંથી રવાના થશે. યુએસએસ અબ્રાહમ લિંકન એરક્રાફ્ટ કેરિયર અને તેના સ્ટ્રાઈક જૂથમાં ત્રણ વિનાશક ટૂંક સમયમાં સાન ડિએગો બંદર પર પહોંચશે.

## US AID-UKRAINE

અમેરિકાના સંરક્ષણ વિભાગે યુક્રેન માટે અંદાજિત 425 મિલિયન ડોલરની વધારાની સુરક્ષા સહાયની જાહેરાત કરી છે. પેન્ટાગોને એક નિવેદનમાં જણાવ્યું હતું કે રાષ્ટ્રપતિ ડ્રોડાઉન સત્તામંડળ (PDA) પેકેજ હેઠળની સહાયનો હેતુ યુક્રેનની મહત્વપૂર્ણ સુરક્ષા અને સંરક્ષણ જરૂરિયાતોને પહોંચી વળવા માટે છે.

સહાય હેઠળ પૂરી પાડવામાં આવનાર સાધનોની શ્રેણીમાં એડવાન્સ્ડ સરફેસ-ટુ-એર મિસાઈલ સિસ્ટમ (NASAMS) માટે દારૂગોળો શામેલ છે; સ્ટિંગર મિસાઇલો; માનવરહિત એરિયલ સિસ્ટમ્સ (c-UAS) સાધનો અને દારૂગોળો; હવા-થી-જમીન હુમલો કરવા દારૂગોળો; હાઇ મોબિલિટી આર્ટિલરી રોકેટ સિસ્ટમ (HIMARS) માટે દારૂગોળો; 155 મીમી અને 105 મીમી આર્ટિલરી દારૂગોળો; ટ્યુબેલ લોંચ, ઓપ્ટીકલી ટ્રેક, વાયર-ગાઇડેડ (TOW) મિસાઇલો; જેવલિન અને AT-4 એન્ટી-આર્મર સિસ્ટમ્સ; સ્ટ્રાઈકર આર્મર્ડ પર્સનલ કેરિયર; નાના હથિયારો અને દારૂગોળો; તબીબી સાધનો; અને તોડી પાડવાના સાધનો અને દારૂગોળાનો સમાવેશ થાય છે. ઑગસ્ટ

2021 થી યુક્રેનને અમેરિકાના સંરક્ષણ વિભાગના ગોડાઉનમાંથી પૂરા પાડવામાં આવનાર સાધનોનું આ 69મી ખેપ છે.

## EVE CRICKET- INᴅ NZ

ન્યુઝીલેન્ડે આજે મુંબઈના વાનખેડે સ્ટેડિયમ ખાતે ભારત સામેની ત્રીજી અને અંતિમ ટેસ્ટ મેચના બીજા દિવસની રમત પૂરી થઇ ત્યા સુધી તેની બીજી ઇનિંગમાં 9 વિકેટે 171 રન બનાવ્યા હતા. 28 રનની લીડને બાદ કરતા હવે ન્યુઝીલેન્ડનો સ્કોર 143 રનનો થયો છે.. ભારત તરફથી રવિન્દ્ર જાડેજાએ 4 જ્યારે રવિચંદ્રન અશ્વિને ત્રણ વિકેટ લીધી હતી. વોશિંગ્ટન સુંદર અને આકાશ દીપે એક-એક વિકેટ લીધી હતી.

અગાઉ, શુભમન ગિલના 90 અને ઋષભ પંતના 60 રનના યોગદાન સાથે ભારત 263 રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું. ગિલ અને રિષભ પંતની 114 બોલમાં 96 રનની આક્રમક ભાગીદારીને કારણે ભારતને 28 રનની સરસાઇ મળી હતી. વોશિંગ્ટન સુંદર 36 બોલમાં 38 રન બનાવીને અણનમ રહ્યો હતો. પ્રવાસી ટીમ તરફથી એજાઝ પટેલે પાંચ વિકેટ ઝડપી હતી.